# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
Website : http://www.bknmu.edu.in Email : cebknmu@gmail.com


**પરીપત્ર :-**

**વિષય : આગામી ડીસેમ્બર– ૨૦૨૦ માં યોજાનાર યુ.જી. સેમ. ૩ અને ૫ તેમજ પી.જી. સેમ. ૩ ના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ સંસ્થાના વડાશ્રીઓને જણાવવાનું કે **ડીસેમ્બર–૨૦૨૦** માં યોજાનાર **યુ.જી. સેમ. ૩ અને ૫ તેમજ પી.જી. સેમ. ૩** નાં વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી ની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે જેની સર્વે સબંધીતોએ નોંધ લેવી.

| કોર્ષ નુ નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી | દંડાત્મક ફી |
|---|---|---|---|
| યુ.જી. સેમ. ૩ અને ૫ તેમજ પી.જી. સેમ. ૩ (તમામ કોર્ષ) | [રેગ્યુલર ફી ] તા. ૨૨-૧૦-૨૦૨૦ થી તા. ૦૬-૧૧-૨૦૨૦ | [ફી + ૫૦૦] તા. ૦૭-૧૧-૨૦૨૦ થી તા. ૦૯-૧૧-૨૦૨૦ | [ફી + ૫૦૦ + ૧૫૦૦] તા. ૧૦-૧૧-૨૦૨૦ |

***યુ.જી. સેમ. ૨ અને ૪ માં MBP (Merit Based Progression) ના આધારે પરીણામ તૈયાર કરવામાં આવેલ હતુ જેથી તેવા વિદ્યાર્થીઓની યુ.જી સેમ. ૨ અને ૪ ની પરીક્ષા ફી યુ.જી સેમ. ૩ અને ૫ માં અનુક્રમે મજરે આપવામાં આવે છે. જેથી તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ફી ભરવાની રહેશે નહી તેમજ તેવા વિદ્યાર્થીઓની સોફટવેર માં ઓનલાઇન એન્ટ્રી રેગ્યુલર ફી ના સમયગાળામાં કરવાની રહેશે.***

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહીં જેની નોંધ લેવી તેમજ દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી ખાતેથી ભરવાનાં રહેશે.

નોંધ :- દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ દિવસ ૧(એક)માં ફી મેમો, ચેકલિસ્ટ, તેમજ પરીક્ષા ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગ માં જમા કરાવવાની રહેશે તથા પરીક્ષા ફોર્મ ફી "**રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ**" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

ખાસ નોંધ :-

**૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.**
**૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે.**
**૩. રીપીટર વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી જે કોલેજ તેમજ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવું.**
**૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડ માં સાચવીને રાખવાં જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.**

**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૯૩૩/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૧૭/૧૦/૨૦૨૦

**પ્રતિ,** યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ સંસ્થાના વડાઓ તરફ....

**નકલ સવિનય રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે ) (૩) હિસાબી શાખા.